











卐 જ્ય હો શ્રી અગાસીમાતાનો 卐   卐 શ્રી ગણેશાય નમઃ 卐   卐 જ્ય હો શ્રી દેવરાહબાબાનો 卐

# શ્રી અગાસીમાતા માઈમંડળ ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમ્યાન ઉજવાતા વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા સેવાકીય કાર્યો - પ્રવૃત્તિઓ

✹ સને ૧૯૬૯ ની એક દિવ્ય ઘડીએ સ્વપ્ન દ્વારા શ્રી અગાસીમાતાના આ પ્રાચીન સિધ્ધ સ્થાનનો પ્રાદુર્ભાવ થયો. જંગલમાંથી મંગલ થયું. ૧૯૬૯થી અવિરત પણે આ સ્થાનનો પ્રભાવ વધતો ગયો અને હરણફાળ વિકાસ થતો ગયો તેના પાયામાં છે શરણાગતિ સાથેનું નિઃસ્વાર્થ અને નિષ્કામ યજન અને ભકિત. સિધ્ધ મહામંત્ર શ્રી આનંદનો ગરબો - એક ચમત્કારીક દૈવી મહામંત્ર છે જેના છેલ્લા ૪૫ વર્ષ ઉપરાંતના અવિરત યજનથી અને સંસ્થાના પ્રેરણા સ્ત્રોત આધસ્થાપક અધિષ્ઠાતા પ.પુ. શ્રી દવેબાપુ તથા પુ.શારદાબા ના અવિરત નિઃસ્વાર્થ ભકિત અને નિષ્ઠાપુર્વકના પ્રમાણિક શુભપ્રયત્નોથી આ શકય બન્યું જેના હજ્જારો માંઈભકતો સાક્ષી છે.

✹ સને ૧૯૬૮થી અવિરત પણે દર રવિવારે મંડળ દ્વારા થતા સિધ્ધ મહામંત્ર શ્રી આનંદનો ગરબાના ૧૦૮ સમુહ પાઠ , શક્રાદય સ્તુતિ , યજન , કિર્તન વિ. બપોર પછી પ્રસંગોપાત વિવિધ માંઈ પરિવારના નિવાસ સ્થાને શ્રી આનંદના ગરબાનું પઠન.

✹ વર્ષ દરમ્યાન અતિ ઉત્સાહ અને આનંદ થી ઉજવાતા ‘મા’ ના પાંચ નવરાત્ર - શાકંભરી નવરાત્ર , માઘ માસ નવરાત્ર , ચૈત્રી નવરાત્ર , અષાઢી નવરાત્ર તથા આસો નવરાત્ર .

✹ ચૈત્રી નવરાત્ર તથા આસો નવરાત્ર દરમ્યાન માંઈપરિવાર દ્વારા સિધ્ધ મહામંત્ર શ્રી આનંદનો ગરબાના ૧૦૦૮ સમુહ પાઠનું દૈનિક અનુષ્ઠાન , નવાર્ણ મંત્ર- ૐ ઐં હ્રીં કલીં ચામુંડા યૈ વિચ્ચે તથા બાળા ત્રિપુર સુંદરી મહામંત્ર - ૐ ઐં કલીં સૌઃ ના સવાલક્ષ સમુહ દૈનિક આહુતિ અનુષ્ઠાન , દૈનિક ફળાહાર તથા દુર્ગાષ્ટમી ના દિવસે હોમાત્મક શ્રી નવચંડી યજ્ઞ તથા સિધ્ધ

મહામંત્ર શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ તથા ભંડારો. આસો નવરાત્રી દરમ્યાન રાત્રે બારડોલી પ્રદેશના વિવિધ ગરબા મંડળો તથા માઇમંડળ પરિવારના મા ના ચાચર ચોકમાં ફરતા શેરી ગરબા.

❁ આસો નવરાત્રી દશેરા ના પરમ પવિત્ર દિવસે બારડોલી પ્રદેશના ભાવિક ભક્તો દ્વારા તેઓના ઘરે સ્થાપના કરવામાં આવેલ કુંભ ( માટલી ) આશરે ૨૦૦૦ કુંભનું શ્રી અગાસીમાતાના સ્થાનકે વિસર્જન.

❁ આસો નવરાત્રી દશેરા ના પરમ પવિત્ર દિવસે શ્રી નવદુર્ગા-બટુક પુજન , નવરાત્રી અનુષ્ઠાન - ઉપવાસ પુર્ણાહુતિ તથા મહાપ્રસાદ- ભંડારો. બપોર પછી શ્રી કેદારેશ્વર મહાદેવ ના સાનિધ્યમાં જ્વારા વિસર્જન.

❁ આસો નવરાત્રી શરદપુર્ણિમા ના પરમ પવિત્ર દિવસે મંદિરમાં શ્રી સત્યનારાયણ ભગવાનની કથા તથા મહાપ્રસાદ અને બપોર પછી મંદિરે વિસર્જીત કરવામાં આવેલ કુંભ ( માટલી ) આશરે ૨૦૦૦ કુંભનું પવિત્ર મીંઢોળા નદીમાં માઇપરિવાર ના સહયોગથી વિસર્જન. રાત્રે શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ.

❁ મહા વદી ચૌદશ - મહાશિવરાત્રી ના પરમ પવિત્ર દિવસે વિવિધ કાર્યક્રમો જેમાં બ્રાભ મુહુર્તમાં સ્વયંભુ શ્રી કેદારેશ્વર મહાદેવ ની મહાપુજા તથા બિલીપત્ર અર્પણ કાર્યક્રમ. સવારે ૮-૦ થી ૧૨-૩૦ દરમ્યાન મંદિર સંકુલ સ્થિત શ્રી જગદીશ્વર મહાદેવ ની મહાપુજા , રુદ્રાભિષેક તથા બિલીપત્ર અર્પણ કાર્યક્રમ. મંદિર સંકુલ સ્થિત ' સત્સંગ હોલમાં ' પ્રતિષ્ઠીત શ્રી દ્વાદશ જ્યોતિર્લિંગ ભગવાન તથા શ્રી પશુપતિનાથ મહાદેવ , શ્રી અમરનાથ મહાદેવ તથા શ્રી કૈલાસ-માનસરોવર ની તસ્વીરોનું સમુહ પુજન.મહાશિવરાત્રી એ માતાજીની મહારાત્રી હોઇ રાત્રે સમુહમાં " શ્રી યંત્ર " મહાપુજા તથા શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ.

❁ દર માસની પુનમ ના પવિત્ર દિવસે રાત્રીના સમયે મંદિરની સામે આવેલ યજ્ઞમંડપમાં શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ.

❁ માતાજીની ચાર મહારાત્રીઓ - કાલરાત્રી ( કાળી ચૌદશ- આસો વદ ચૌદશ ) મહારાત્રી ( મહાશિવરાત્રી - મહા વદ ચૌદશ ) મોહરાત્રી ( જન્માષ્ટમી - શ્રાવણ વદ આઠમ ) તથા દારુણ રાત્રી ( હોળી - ફાગણ સુદ પુનમ ). આ ચાર મહારાત્રી એ માતાજી અતિ પ્રસન્ન મુદ્રા માં હોય છે તે રાત્રી દરમ્યાન ' શ્રી યંત્ર ' મહાપુજા તથા શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ. સાથે ભજન , કિર્તન , ધુન તથા જન્માષ્ટમી ની રાત્રે ૧૨-૦ કલાકે શ્રી કૃષ્ણ જન્મોત્સવ.

❁ ચૈત્ર સુદ પુનમ એટલેકે " શ્રી હનુમાન જયંતિ " ના પરમ પવિત્ર દિવસે રાત્રે સમુહમાં ૧૦૮ શ્રી હનુમાન ચાલીસાના પાઠ તથા ' શ્રી રામ જય રામ જય જય રામ ' મહામંત્ર ના સંપુટથી શ્રી હનુમાન ચાલીસાની દરે ચોપાઇ ની દશાંશ આહુતિ કાર્યક્રમ.

❁ ૬ ઠ્ઠી જુન એટલે માતાજી નો પાટોત્સવ ( સાલગિરી ) મહોત્સવ. આ દિવસે માતાજીનો સોળ શણગાર , ફુલોનું ડેકોરેશન , રાજભોગ મહાપ્રસાદ તથા પ્રકાંડ ભુદેવો દ્વારા શ્રી નવચંડી યજ્ઞ , શ્રી આનંદનો ગરબાની નવાર્ણ મંત્ર ના સંપુટ સાથે આહુતિ કાર્યક્રમ તથા ભાવિક )ક્તો માટે મહાપ્રસાદ વિતરણ.

❁ શ્રી યોગીની એકાદશી ( જેઠ વદ અગિયારસ - જુન માસ ) એ પ્રાતઃ સ્મરણીય બ્રહ્મલીન યોગી સમ્રાટ ૧૦૦૮ પ.પુ. શ્રી દેવરાહાબાબા ( યમુના પાર , વૃંદાવન , ઉત્તરપ્રદેશ ) નો મહા સમાધિ દિવસ. સને ૧૯૯૦ ના આ પવિત્ર દિવસે પુ.બાબાએ મહાસમાધિ લીધી અને તેમના નશ્વર દેહને તેમની ઇચ્છા મુજબ મહામંડલેશ્વર સંતો ના સાનિધ્યમાં પ્રતિષ્ઠીત નેતાઓ , પુ.શ્રી બડે મહારાજજી તથા પુ.શ્રી છોટે મહારાજજી ના શુભ હસ્તે ભક્તોની હાજરીમાં શ્રી યમુનામૈયા માં જળસમાધી આપી. દર વર્ષે આ દિવસે પુ.શ્રી દેવરાહાબાબા સમાધિ સ્થળે માંઇભક્તોની રેલ્વે યાત્રાનું આયોજન કરી ત્યાના આયોજીત ત્રિદિવસીય કાર્યક્રમમાં અમુલ્ય લાભ લેવાનો.

- ગુરુપૂર્ણિમા - વ્યાસ પૂર્ણિમા ( અષાઢ સુદ પુનમ ) ના પરમ પવિત્ર દિવસે પ્રાતઃ સ્મરણીય બ્રહ્મલીન યોગી સમ્રાટ ૧૦૦૮ પ.પુ. શ્રી દેવરાહાબાબા કે જેઓએ આપણાં પુ.શ્રી દવેબાપુને ‘ ગુરુપાદુકા’ ની લ્હાણી કરેલી તે પાદુકાનું સમુહ પુજન - મહાપ્રસાદ તથા બારડોલી નગરની તમામ શાળઓના ધો.૧૦( ન્યુ એસ.એસ.સી. બોર્ડ ) તથા ધો.૧૨ ( એચ.એસ.સી. બોર્ડ ) ના તમામ વિધાશાખાઓના ‘ શાળામાં પ્રથમ ક્રમે ‘ પાસ થનાર વિધાર્થીઓને પ્રોત્સાહક ઈનામ વિતરણ કાર્યક્રમ તથા પસંદગી પાત્ર શાળા ના આર્થિક રીતે પછાત પરંતુ તેજસ્વી વિધાર્થીઓને આર્થિક સહાય કાર્યક્રમ.

- શ્રાવણ માસ ના પવિત્ર દિવસોમાં મંદિર સંકુલ સ્થિત ‘ શ્રી સત્સંગ હેલમાં ‘ પ્રતિષ્ઠીત શ્રી દ્વાદશ જ્યોતિર્લિંગ ભગવાન તથા શ્રી પશુપતિનાથ મહાદેવ , શ્રી અમરનાથ મહાદેવ તથા શ્રી કૈલાસ-માનસરોવર ની તસ્વીરોના સાનિધ્યમાં માસ પર્યંત સવા લાખ “ શ્રી પાર્થેશ્વર પુજન “ ના શિવ સંકલ્પ સાથે ( સને ૧૯૭૯ થી ) દૈનિક આશરે ૪૫૦૦ માટીના શિવલીંગનું નિર્માણ તથા તેને વાર પ્રમાણે વિવિધ આકારમાં શાસ્ત્રોકત પધ્ધતિ મુજબ ગોઠવી સમુહ પુજન. દૈનિક શ્રી કેદારેશ્વર મહાદેવ પુજન તથા વિસર્જીતપાર્થિવ શિવલિંગોનું શ્રી મીંઢોળા મૈયામાં વિસર્જન.

- શ્રાવણ માસ દરમ્યાન સવા કરોડ પંચાક્ષર મંત્ર ‘ ૐ નમઃ શિવાય ‘ આશરે ૬૦૦ ઉપરાંતની મંત્રલેખન પુસ્તિકાઓમાં અનુષ્ઠાનના નિયમોનું પાલન કરીને માઈપરિવાર દ્વારા મંત્રલેખન. સંપુર્ણ થએલી મંત્રલેખન પુસ્તિકાઓની પોથી બનાવી શ્રાવણમાસ ના પુર્ણાહુતિનો દિવસ એટલેકે અમાસના દિવસે સમુહમાં પોથી પુજન અને ત્યારબાદ ભારતવર્ષની વિવિધ પવિત્ર નદીઓમાં ખાસ કરીને પૌરાણિક શિવ મંદિરોના સાનિધ્યમાં પોથી વિસર્જન કાર્યક્રમ.

- માગશર સુદ એકાદશી ( શ્રી ગીતાજયંતિ - ‘મહાભારત’ માં કુરુક્ષેત્ર નાયુધ્ધ સમયે શ્રી કૃષ્ણ ભગવાને પાર્થ- અર્જુન ને શ્રી ગીતાજીનો ઉપદેશ આપ્યો તે પરમ પવિત્ર દિવસ ) ના પવિત્ર દિવસે સને ૧૯૮૬ થી અવિરત દર વર્ષે પશ્ચિમ ભારત - ગુજરાતના સાગર કિનારે સૌરાષ્ટ્ર માં આવેલ ચોથુ ધામ એવા શ્રી દ્વારકાધીશ જગત્ મંદિર ના શિખર ઉપર ‘ નૂતન ધ્વજા આરોહણ ‘ કાર્યક્રમ- બાવા - સાધુઓને બ્લેન્કેટ વિતરણ તથા ગુગળી બ્રાહ્મણોની જ્ઞાતિ ને યથાશકિત દાન તથા બ્રહ્મભોજન.

- શ્રી અગાસીમાતા માઈમંડળ પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક સ્થાનોએ ન નફો ન નુકસાન ના ધોરણે યાત્રાઓનું આયોજન તથા ત્યાં સિધ્ધ મહામંત્ર શ્રી આનંદના ગરબાના ૧૦૦૮ સમુહ પાઠનું અનુષ્ઠાન- યજ્ઞ-યાગાદિ કાર્યો . વિવિધ પૌરાણિક તથા ઐતિહાસિક તિર્થ સ્થળોએ પદયાત્રા નું આયોજન કરવામાં આવે છે.

- આ ઉપરાંત સંસ્થા દ્વારા સંકુલ માં આવેલા ‘ સત્સંગ હેલ ‘ માં વિવિધ ધાર્મિક સંસ્થાના કાર્યક્રમો , ધાર્મિક શિબિરો , સંત માહાત્માઓની પધરામણી - આધ્યાત્મિક પ્રવચનો , શ્રીમદ્ભાગવત તથા શ્રી રામ પારાયણ વિ. કથાઓનું આયોજન તથા આરોગ્યલક્ષી આધ્યાત્મિક ધ્યાન-યોગ શિબીરનું પણ આયોજન કરવામાં આવે છે.

**જય શ્રી અંબે-જય શ્રી અગાસીમા**